**શ્રી કે.પી.જાની, પ્રીસાઈડીંગ ઓફીસર, ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ, સુરત સમક્ષ. મુ.સુરત.**

**આંક–૧૬**

**રેફરન્સ આઈ.ટી નં.૨૩/૨૦૧૭**

ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન,
ગેસ બેઝડ પાવર સ્ટેશન, ઉત્રાણ,
તા. ચોર્યાસી, જી. સુરત. ... ... ... **પ્રથમ પક્ષકાર**

**વિરુધ્ધ**

વિદ્યુત કામદાર સંઘ,
જી.એસ.ઈ.સી.એલ. કોલોની,
ટાઈપ–ઈ, ૧૭/૧,
ગાંધીનગર. ... ... ... **બીજા પક્ષકાર**

**રજૂઆત કર્તા :–**
**પ્રથમ પક્ષકાર તરફે : વિધ્વાન વકીલ શ્રી નિલમબેન શાહ.**
**બીજા પક્ષકાર તરફે : વિધ્વાન પ્રતિનિધિ શ્રી એ.જી. મિર્ઝા.**

**બાબત :– <u>આંક–૧૦ લગત હુકમ.</u>**

**<u>–: હુકમ :–</u>**

(૧) હાલના કેસના કામે પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૦ થી વિ.વ.શ્રી નિલમબેન શાહનું વકીલાતપત્ર રજુ થતાં બીજા પક્ષકાર તરફે તે લગત પ્રથમ પક્ષકાર વકીલ રોકે તે સામે વાંધો લેવામાં આવેલ છે.

(૨) બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિશ્રી એ.જી. મિર્ઝા તથા પ્રથમ પક્ષકાર તરફે વિ.વ. શ્રી નિલમબેન શાહને સાંભળ્યા. બીજા પક્ષકાર તરફે આંક–૧૫ થી રજુ થયેલ લેખિત દલીલ વંચાણે લીધી.

બીજા પક્ષકાર તરફે એવી દલીલ થયેલ છે કે, તેઓ યુનિયન તરફે પ્રતિનિધિત્વ કરે છે. તેઓ કાનૂની લાયકાત ધરાવતા નથી. કાયદાની જોગવાઈ મુજબ પ્રથમ પક્ષકાર તરફે વકીલાતપત્ર રજુ થતા સામા પક્ષની સંમતિ તથા કોર્ટની પરવાનગી હોવી જોઈએ. તે સિવાય પ્રથમ પક્ષકાર વકીલ મારફત બચાવ કરી શકતા નથી. પ્રથમ પક્ષકાર તરફે વકીલાતપત્ર રજુ ન થતા સંસ્થાના કાયદાની લાયકાત ધરાવતા અધિકારી મારફત બચાવ કરી શકે છે. તેઓ દરેક મુદતે હાજર રહે છે પરંતુ હાલના રેફરન્સના કામે પ્રથમ પક્ષકારે તેમનું 'નો ઓબ્જેકશન' લીધા સિવાય વકીલાતપત્ર રજુ કરેલ છે. કેટલાક રેફરન્સ કેસોમાં તેઓ રેકર્ડ થયેલ વકીલાતપત્ર સામે વાંધો લેતાં નથી. આવી ગેરકાયદેસર પ્રેકટીસની સામે હાલના રેફરન્સમાં વાંધો લીધેલ છે. વકીલાતપત્ર રેકોર્ડેડ થવાથી તે સ્વીકારવામાં આવેલ છે અને કોર્ટ દવારા મંજુર રાખેલ છે તેવો અર્થ થઈ ન શકે. ઔ.વિ. ધારાની કલમ–૩૬ ની જોગવાઈ મુજબ સામા પક્ષની સંમતિ લેવામાં આવેલ નથી. વકીલાતપત્ર રજુ થયા બાદ પ્રથમ મુદતે તેઓના ધ્યાનમાં આવેલ કે, તેમની પીઠ પાછળ અને સંમતિ વગર પ્રથમ પક્ષકાર તરફે વકીલાતપત્ર રજુ થયેલ છે, જેથી તાત્કાલિક તેની સામે વાંધો લેવામાં આવેલ. જે હકીકતે પ્રથમ પક્ષકારને તેમના અધિકારીઓ કે કર્મચારી મારફત બચાવ કરવા હુકમ કરવા જણાવેલ છે. તેઓએ આ અંગે મારું ધ્યાન નામદાર સુપ્રિમ કોર્ટના લાર્જર બેંચના પ્રદિપ પોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના વડોદરા મહાનગર સેવાસદનના ચુકાદા તરફ દોરેલ છે. જયારે પ્રથમ પક્ષકાર તરફે એવી દલીલ થયેલ છે કે, બીજા પક્ષકાર તરફે વકીલાતપત્ર સામે વાંધો લેતાં સમયે વાંધો લેનારનો અધિકાર પત્ર રજુ થયેલ ન હતો. જેથી તેઓને આવો વાંધો લેવાનો અધિકાર ન હતો. વાંધો લેનારે યુનિયનના હોદ્દેદાર હોવાના આધાર રજુ કરેલ નથી કે, કેટલો અભ્યાસ કરેલ છે તે જાહેર કરેલ નથી. જે મુદતે પ્રથમ પક્ષકાર તરફે વકીલાતપત્ર રજુ થયેલ તે મુદતે બીજા પક્ષકાર ગેરહાજર હતા. જેથી વકીલાતપત્ર કોર્ટ ધ્વારા રેકર્ડ કરવામાં આવેલ હોય તે બાબત રીવ્યુ કરી શકાય નહી. તેઓએ વધુમાં એવી દલીલ કરેલ છે કે, હાલના કેસના કામે સંસ્થાને વકીલ રોકવા પરવાનગી ન આપતા સંસ્થાના અધિકારીઓએ કોર્ટમાં વારંવાર આવવું પડે તેમજ તેઓ યુનિયન પ્રતિનિધિ જેવી રજુઆત કરી શકે નહી કે બીજા પક્ષકારના સાક્ષીની ઉલટતપાસ કરી શકે નહી. જયારે યુનિયન માટે આ રોજબરોજનું કામ છે. યુનિયન પ્રતિનિધિ કાયમી કોર્ટમાં આવી કેસના કામે રજુઆત કરતા હોય તેઓ લીગલ પ્રેકટીશનર કહેવાય. તેઓએ મારું ધ્યાન આંક–૧૩ થી રજુ કરેલ અત્રેની કોર્ટના રેફરન્સ

(આઈ.ટી.) નં.૯૩/૯૯ ના કામે રજુ થયેલ વકીલાતપત્ર, તે સામે હાલના કેસના યુનિયન પ્રતિનિધિશ્રી એ.જી. મિર્ઝાએ આંક–૩૦ થી લીધેલ વાંધા અરજી તથા તે અરજી પાછળથી નોટપ્રેસ કર્યાના શેરા તરફ દોરી એવી દલીલ કરેલ છે કે, વકીલાતપત્ર સામે વાંધો લેવાના કાયદાથી મળેલ હકકમાં પસંદગીના વકીલનો પ્રશ્ન નથી અને આમ કરતા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૬ (૪) નો હેતુ સરતો નથી. તેઓએ એવી પણ દલીલ કરેલ છે કે, આવો વાંધો જે તે પક્ષકાર લઈ શકે તેમના પ્રતિનિધિ નહી. તેઓએ દલીલના સમર્થનમાં (૧) ૨૦૦૫ (૧) સી.એલ.આર. ૯૨૨, બરોડા ઈસ્પાક પ્રા.લી. વિ. રામગોપાલ પટેલ, નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા (૨) ૧૯૯૫ (૨) સી.એલ.આર. ૩૮૪, ઓરિસ્સા સિમેન્ટ લી. વિ. સ્ટેટ ઓફ ઓરિસ્સા, નામદાર ઓરિસ્સા હાઈકોર્ટના ચુકાદા રજુ કરેલ છે. જેના વિરુઘ્ઘ બીજા પક્ષકાર તરફે એવી સ્પષ્ટતા કરેલ છે કે, અન્ય કેસમાં વાંધો ન લેવાનું કારણ વકીલાતપત્ર ગેરહાજરીમાં રેકર્ડ થયેલ હતું અને તેથી વાંધો લીધેલ ન હતો અને તેથી અન્ય કેસોમાં વકીલાતપત્ર રજુ થાય તો તે કાયદેસર ગણાય નહી. હાલના કેસમાં ઘ્યાને આવતા તેઓએ વાંધો લીધેલ છે. તેઓ સંસ્થાના કર્મચારી હોય સંસ્થા તેની શૈક્ષણિક લાયકાત જાણે છે તેમજ યુનિયન સંસ્થામાં માન્ય યુનિયન છે. સંસ્થા દવારા તેઓને હોદાની રુએના સર્ટી આપવામાં આવે છે.

(૩) હાલની અરજીના નિર્ણય કરતા સમયે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૬(૪) ની જોગવાઈ ઘ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

કલમ–૩૬ : પક્ષકારોનું પ્રતિનિધિત્વ :–

(૧) ..........

(૨) ..........

(૩) ..........

(૪) કોઈ મજુર કોર્ટ, ટ્રીબ્યુનલ અથવા રાષ્ટ્રીય ટ્રીબ્યુનલ સમક્ષની કાર્યવાહીમાં તકરારનો કોઈ પક્ષકાર કાર્યવાહીના બીજા પક્ષકારોની સંમતિથી અને યથાપ્રસંગ તે મજુર કોર્ટ, ટ્રીબ્યુનલ અથવા રાષ્ટ્રીય ટ્રીબ્યુનલની પરવાનગીથી કોઈ કાયદા વ્યવસાયીને પોતાના પ્રતિનિધિ તરીકે રોકી શકશે.

(૪) કેસનું રેકર્ડ વંચાણે લેતા હાલનો રેફરન્સ મદદનીશ મજુર કમિશ્નરશ્રી સુરત ધ્વારા ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લી. તથા વિદ્યુત કામદાર સંઘ વચ્ચેનો રીફર કરવામાં આવેલ છે.

મદદનીશ મજુર કમિશ્નર તરફે રેફરન્સ રીફર થયા બાદ કોર્ટથી પક્ષકારોને આંક–૩ થી ૫ ની નોટીસો કરવામાં આવેલી. જે અનુસંધાને બીજા પક્ષકાર તરફે તા.૧૪/૧૧/૧૭ ના રોજ માંગણાનું નિવેદન તથા દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ થયેલ. ત્યારબાદ પ્રથમ પક્ષકારને મુદત તા.૧૨/૧૦/૧૮ ની જવાબની નોટીસ કરવામાં આવેલ. જે અન્વયે પ્રથમ પક્ષકાર તરફે વિ.વ. શ્રી નિલમબેન શાહનું વકીલાતપત્ર આંક–૧૦ થી રજુ થયેલ. જે આ કોર્ટથી રેકર્ડ કરવામાં આવ્યા બાદ બીજા પક્ષકાર તરફે યુનિયન પ્રતિનિધિશ્રી મિર્ઝાએ વકીલાતપત્ર નીચે વાંધો હોવાનો શેરો કરતા સાંભળવા રાખવામાં આવેલ. ત્યારબાદ તા.૮/૨/૧૯ ના રોજ બીજા પક્ષકાર તરફે યુનિયન પ્રતિનિધિશ્રી મિર્ઝાનું આંક–૧૨ થી અધિકારપત્ર રજુ થયેલ છે.

ઉપરોકત હકીકતે એ બાબત સ્પષ્ટ થાય છે કે, પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૦ થી તા.૧૨/૧૦/૧૮ ના રોજ વકીલાતપત્ર રજુ થયેલ અને તે લગત બીજા પક્ષકાર યુનિયન પ્રતિનિધિશ્રી મિર્ઝા ધ્વારા વાંધો લેવામાં આવેલ ત્યારે શ્રી મિર્ઝાનો અધિકારપત્ર રજુ થયેલ ન હતો. આમ, તેઓ તા.૧૨/૧૦/૧૮ ના રોજ આ પ્રકારનો વાંધો લેવાનો અધિકાર ધરાવતા ન હતા.

વધુમાં જોવામાં આવે તો, પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૩ થી રજુ થયેલ રેફરન્સ (આઈ.ટી.) નં.૯૩/૯૯ ના કામની વકીલાતપત્ર તથા પ્રથમ પક્ષકાર તરફે વકીલ રોકવા સામે બીજા પક્ષકાર યુનિયન તરફે રજુ થયેલ વાંધા અરજી વંચાણે લેવામાં આવે તો તે રેફરન્સના કામે ગુજરાત વિદ્યુત બોર્ડ તથા તેમના કામદારો વચ્ચેના રેફરન્સમાં બીજા પક્ષકાર યુનિયન તરફે શ્રી એ.જી. મિર્ઝા (કે જેઓ હાલના કેસના કામે બીજા પક્ષકારનું પ્રતિનિધિત્વ કરે છે) યુનિયન તરફે પ્રતિનિધિત્વ કરતા હતા તથા ગુજરાત વિદ્યુત બોર્ડ તરફે વિ.વ.શ્રી કે.એન. ચૌહાણનું વકીલાતપત્ર આંક–૭ થી રજુ થયેલ હતું. જે વકીલાતપત્ર કોર્ટ ધ્વારા રેકર્ડ થયા બાદ યુનિયન તરફે વકીલ સામે વાંધો લેવામાં આવેલ હતો અને તે અરજી ટ્રીબ્યુનલ ધ્વારા સાંભળવા માટે રાખવામાં આવેલ. ત્યારબાદ તા.૧૭/૧/૦૧ ના રોજ યુનિયન

પ્રતિનિધિશ્રી મિર્ઝા ધ્વારા અરજી ઉપર કોઈ કારણ દર્શાવ્યા સીવાય ફકત નોટપ્રેસનો શેરો કરેલ અને આમ, શ્રી મિર્ઝા ધ્વારા તે કેસના કામે જી.ઈ.બી. તરફે વકીલ પ્રતિનિધિત્વ કરે તે સામેનો વાંધો કોઈ પણ જાતનું કારણ દર્શાવ્યા સિવાય પાછો ખેંચેલ.

કાયદાની જોગવાઈ જોતાં, કેસના કોઈ પક્ષકારે વકીલ રોકવા માટે સામા પક્ષની સંમતિ તથા કોર્ટની પરવાનગી બંને જરૂરી છે. હાલના કેસના કામે યુનિયન પ્રતિનિધિ મજુર કાયદાના જાણકાર અને વર્ષોથી કામદારોના પ્રશ્ને યુનિયન તરફે પ્રતિનિધિત્વ કરતા આવેલ છે. તે સંજોગોમાં પ્રથમ પક્ષકાર તરફે વકીલ પ્રતિનિધિત્વ કરે તો પણ તેનાથી બીજા પક્ષકારને કોઈ નુકશાન થાય તેમ નથી તેમજ કેસનો ઝડપી ન્યાય નિર્ણય થઈ શકે તેમ છે.

ઉપરોકત તમામ ચર્ચા મુજબ બીજા પક્ષકાર તરફે પ્રથમ પક્ષકારના આંક–૧૦ ના વકીલાતપત્ર સામે લેવામાં આવેલ વાંધો ટકવા પાત્ર ન હોય નીચે મુજબ હુકમ કરું છું.

## –:: હુકમ ::–

(૧) બીજા પક્ષકાર ધ્વારા પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ આંક–૧૦ ના વકીલાતપત્ર સામે લીધેલ વાંધો નામંજુર કરવામાં આવે છે તથા આ કામના પ્રથમ પક્ષકારને વકીલ મારફત હાજર રહેવાની પરવાનગી આપવામાં આવે છે.

(૨) આ કામની હવે પછીની સુનાવણીની તા.૧૨/૭/૧૯ ના રોજની મુકરર કરવામાં આવે છે.

(૩) અરજીનાં સંજોગો જોતાં ખર્ચ આખરી પરિણામને અનુસરશે.

સ્થળ : સુરત
તારીખ : ૨૧–૦૬–૨૦૧૯

(કિરીટ પ્રભુલાલ જાની)
જી.જે.૦૦૫૦૩
ઔદ્યોગિક ન્યાયપંચ,
સુરત.